જાણવા જેવી વાતો

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણવા જેવી વાતો

સંપાદક
મુકુલભાઈ કલાર્થી

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

66 ગ
6 2

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या ..... 66 ग
४८
पञ्जिका संख्या ३०४९०

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી ચકુભાઈ સ્મારક ગ્રંથમાળા પુ૦ ૧૫

જાણવા જેવી વાતો

સ્ટોક પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯૮૫

સંપાદક
સુકુલભાઈ કલાર્થી

6-6-
૨૦૪૧૦
પ્રકાશક તરફથી ભેટ
CH 1973
Ini

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪

મુદ્રક

જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ

નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

પહેલી આવૃત્તિ, પ્રત ૫,૦૦૦

સર્વ હક્ક ગૂજરાત વિદ્યાપીઠને આધીન છે.

પ્રાપ્તિસ્થાન

નવજીવન કાર્યાલય

અમદાવાદ–૧૪

છ આના માર્ચ, ૧૯૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

સમાજ-શિક્ષણને ઉત્તેજન અને વેગ આપવાની દૃષ્ટિએ સરકારે જાત જાતનાં ઇનામો વગેરે કાઢ્યાં છે. તેથી પ્રેરાઈ ને ગૂજરાત વિદ્યાપીઠ તરફથી આ દિશામાં કામ ઉપાડવામાં આવ્યું છે. આ અંગે કામ આવે એવું કેટલુંય સાહિત્ય વિદ્યાપીઠના સેવકોએ લખેલું, તે માસિકોમાં છૂટક પ્રસિદ્ધ કે અપ્રસિદ્ધ પડેલું છે. તેમાંથી, સરકારની ઇનામની યોજનાને નજરમાં રાખીને, તેને યોગ્ય પુસ્તિકા સંપાદન કરી તૈયાર કરવામાં આવે છે. તે મુજબ આ અગાઉ શ્રી. મુકુલભાઈની 'શીલ અને સદાચાર', શ્રી. ગોપાળદાસની 'શીલકથાઓ' ૪૦ ચોપડીઓ બહાર પાડી છે. પહેલી ચોપડીને સરકારી કસોટીમાં પહેલું ઇનામ પણ મળ્યું છે. આ વરસની નવી હરીફાઈને માટે બીજી કેટલીક પુસ્તિકાઓ યોજી છે, તેમાંની એક આ છે. તેનું સંપાદન વિદ્યાપીઠના સેવક શ્રી. મુકુલભાઈએ કર્યું છે. આબાલવૃદ્ધ સૌ સ્ત્રીપુરુષોને તે વાંચતાં સાત્ત્વિક આનંદ મળશે એમ માનું છું. એકેએક કથા જાણવા જેવી છે એમાં શંકા નથી. અને તેમની ખૂબી એ છે કે, તે સૌ ઉંમરના વાચકોને રસપ્રદ થશે; તેવું રસવૈવિધ્ય પણ તેમાં છે. આ જાતનો સંગ્રહ જો લોકપ્રિય થશે, તો તેવા બીજા પણ યોજવામાં આવશે.

૪-૩-'૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

	પ્રકાશકનું નિવેદન	૩
૧.	અભિમાનનો મેલ	૫
૨.	મુકુંદનું પ્રાયશ્ચિત્ત	૬
૩.	આપુનું ફળશરૂપ કાર્ય	૧૨
૪.	વાલિયેા લૂંટારેા	૧૩
૫.	સત્ય વિ૦ સ્વાર્થ	૧૮
૬.	રસ્તા વચ્ચે પથ્થર	૧૯
૭.	જીવલેણ એદરકારી	૨૨
૮.	સભ્યતા	૨૪
૯.	સૌજન્ય	૨૫
૧૦.	સાચી હજ	૨૭
૧૧.	એકનાથની જાત્રા	૩૨
૧૨.	લાયકાતનું માપ !	૩૪
૧૩.	આંધળાનું ફાનસ !	૩૯
૧૪.	સહૃદયતા	૪૦
૧૫.	એ દુકાનદાર	૪૧
૧૬.	શ્રમનું ગૌરવ	૪૩
૧૭.	જેવેા રાજા તેવી પ્રજા	૪૪
૧૮.	સેવાપરાયણતા	૪૫
૧૯.	નાગરિકની ફરજ	૪૬
૨૦.	ચારિત્ર્યનેા મહિમા	૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

અભિમાનનો મેલ

વિશિષ્ટાદ્વૈતના પ્રવર્તક પ્રસિદ્ધ વૈષ્ણવ આચાર્ય રામાનુજ ઘડપણને લઈને ખૂબ અશક્ત થઈ ગયા હતા. તેથી કોઈના ખભાનો ટેકો લઈને તેઓ નદીએ સ્નાન કરવા જતા.

નદીએ જતી વેળાએ હંમેશાં રામાનુજ પોતાના એક બ્રાહ્મણ શિષ્યના ખભા ઉપર હાથ મૂકીને જતા અને સ્નાન કર્યા પછી શૂદ્ર જાતિના પોતાના એક શિષ્યના ખભાનો આધાર લઈને તેઓ આશ્રમે પાછા આવતા.

આચાર્યજીની આવી વિચિત્ર રીત જોઈને જૂના વિચારના સનાતની લોકો અકળાઈ જતા. એક દિવસે તેઓ ભેગા થઈને રામાનુજાચાર્ય પાસે ગયા અને કહેવા લાગ્યા : "આચાર્યજી, આપે જોઈએ તો સ્નાન કર્યા પહેલાં શૂદ્રનો સ્પર્શ કરવો; પરંતુ સ્નાન કરીને શુદ્ધ થયા પછી શૂદ્રના ખભા ઉપર હાથ ન મૂકવો."

એ લોકોની આ વાત સાંભળીને આચાર્યજી હસતા હસતા બોલ્યા : "અરે ભાઈઓ, જેને તમે શૂદ્ર સમજો છો તેના ખભા ઉપર હું સ્નાન કર્યા પછી હાથ મૂકું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું, તે મારા ઉચ્ચ કુલીન જાતિના અભિમાનનો મેલ ધોઈ નાખવા માટે. એ મેલ હું પાણી વડે ધોઈ શકું તેમ નથી!"

૨

મુકુંદનું પ્રાયશ્ચિત્ત*

પ્રવેશ પહેલો

[મુકુંદની મા સીતમ્મા નાહીધોઈ, દેવપૂજાથી પરવારીને રસોડામાં રાંધવા બેઠી છે. એવામાં મરી અને ચિન્નો નામના બે છોકરા મુકુંદને ઉપાડીને લાવતા દાખલ થાય છે. મુકુંદ લોહીલુહાણ દશામાં છે.]

મરી — મુકુંદની મા, અરે ઓ મુકુંદની મા, જુઓને તમારા મુકુંદને શું થયું?

સીતમ્મા — [મુકુંદને લોહીલુહાણ જોઈ ગભરાઈ જઈને] હરામખોરો, મારા મુકુંદને કોણે માર્યો? નખ્ખોદ જાય તમારું!

મરી — અરે, મુકુંદની મા, એમાં અમારો કંઈ વાંક નથી. ગામને પાદરે છોકરાઓ આમલીપીપળી રમતા હતા. ત્યાં મુકુંદે એક વાંદરીના બચ્ચાને પકડ્યું! એટલે વાંદરીએ દોડી આવીને મુકુંદને લવૂરા અને બચકાં ભરવા

* શ્રી રાજગોપાલાચાર્યની એક વાર્તાને આધારે. તેમાંનાં નામો તામિલનાડ પ્રદેશનાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડ્યાં. આથી બીને બધા છોકરા નાસી ગયા. પણ મેં મુકુંદના હાથમાંથી બચ્ચું લઈ લીધું. તેથી વાંદરી મુકુંદને છોડીને મારી પાછળ દોડી. મેં બચ્ચાને છોડી દીધું, એટલે વાંદરી બચ્ચું લઈ ને ઝાડ ઉપર ચડી ગઈ. પછી હું અને મારો ભાઈ ચિન્નો મળીને મુકુંદને અહીં લઈ આવ્યા.

સીતમ્મા — [જરા શાંત પડીને, વહાલભર્યા અવાજે] બેટા, તમે બહુ જ સારા છો. બેટા, તમે કોના દીકરા છો ?

મરી — મા, અમે ભંગીના છોકરા છીએ.

સીતમ્મા — [એકદમ ગુસ્સે થઈને] મૂઆ તમે નીકળો અહીંથી ! ભંગી થઈને બ્રાહ્મણના ઘરમાં ઠેઠ રસોડા સુધી આવ્યા અને મારું ઘર અભડાવી માર્યું !

[આટલું કહીને સીતમ્મા મિજાજ ગુમાવી પાસે પડેલો લાકડાનો ફાચરો લઈ ચિન્નાને છૂટો મારે છે. મરી ચિન્નાને બચાવવા વચ્ચે આવે છે. ફાચરો મરીના પગમાં વાગે છે અને તે જમીન ઉપર ગબડી પડે છે. ચિન્નો ઘર બહાર નાસી જાય છે. મુકુંદ એક બાજુ પડ્યો પડ્યો નિરાધાર બની આ બધું જોયા કરે છે. સીતમ્મા મારવા માટે બીજું કંઈ આમ તેમ શોધે છે.]

મરી — [પગ દાબતો, રડતે આવાજે] મા, હું અને મારો ભાઈ તો મુકુંદને મૂકવા આવ્યા હતા. એમાં અમારા ઉપર શા માટે ગુસ્સે થાઓ છો ?

સીતમ્મા — [ચિડાઈને] અરે, મર તું અને તારો ભાઈ ! મારું ઘર અભડાવી મૂક્યું ! હવે હું શું કરીશ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[સીતમ્મા બીજો ફાચરો મરી તરફ ફેંકે છે. તે ફાચરો પણ મરીને જોરથી વાગે છે. તે બૂમો પાડતો નાસી જાય છે. મુકુંદ આ જોઈને દુઃખી થઈ હાથ વડે મોં ઢાંકી દે છે.]

પ્રવેશ બીજો

[ઘણાં વર્ષો પછીનો સમય. કમલપુરની ઇસ્પિતાલ. કેટલાક દરદીઓ બહાર બાંકડા ઉપર બેઠા છે. એવામાં ચાર માણસો ખાટલો ઊંચકીને આવે છે. તેઓ ગભરાયેલા દેખાય છે. ખાટલો પગથિયાં પાસે મૂકે છે.]

ચાર માણસો — [આજીજી કરતા] સાહેબ ! માબાપ !

[દાક્તરનો મદદનીશ આ સાંભળીને બહાર આવે છે. પેલા ચાર માણસોમાંનો એક મરી છે. તે રડવા જેવો બની ગયો છે.]

મદદનીશ — આ શી ગરબડ છે ?

મરી — સાહેબ, મારી વહુને ખૂબ માર પડ્યો છે ! તે હજુ બેભાન છે. દાક્તર સાહેબને બોલાવો ને !

[મદદનીશ અંદર જાય છે. દાક્તર સાથે તે પાછો આવે છે.]

દાક્તર — [બાઈને જોઈને] અરે, બાઈને તો ખૂબ માર પડ્યો છે ! [મદદનીશને] આપણા બે માણસોને બોલાવો અને ખાટલો અંદર લો.

[બે માણસો આવી ખાટલો ઉપાડી અંદર લઈ જાય છે. બહાર મરી અને તેના ત્રણ સાથીદારો ઉદાસ ચહેરે ઊભા રહે છે. થોડી વાર પછી દાક્તર બહાર આવે છે.]

મરી — દાક્તર સાહેબ, મારી વહુ જીવશે ખરી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડાક્તર — કેમ, તાડી બાડી પીને એને મારી છે કે શું ?

મરી — [રડતે અવાજ] ના માબાપ, હું તાડી પીતો નથી. મારા બાપ તાડી પીને મારી માને મારતા અને તેની પાસેથી પૈસા પડાવી લેતા. છેવટે ખૂબ દેવું થઈ જતાં તે કયાંક ચાલ્યા ગયા, તે પછી આવ્યા જ નહીં ! એટલે હું કદી તાડી પીતો જ નથી.

ડાક્તર — તો પછી આને આટલું બધું વાગ્યું શી રીતે ?

મરી — માબાપ, અમારા ગામમાં આ વરસે કૂવાતળાવમાં પાણી રહ્યું નથી. ખેતરોના કૂવામાં કયાંક પાણી છે. પણ અમને ભંગીને તેમાંથી કોણ ભરવા દે ? એક ખેડૂત ભલો છે, તે પોતાના ખેતરને પાણી પાઈ રહ્યા પછી નીકમાં રહેલું પાણી અમારાં બૈરાંને ભરવા દે છે. પણ ગઈ કાલે તેના નાના છોકરાએ એ પણ બંધ કર્યું. અમે બધાં પાણી વિના ટળવળવા લાગ્યાં. તે જોઈ મારી વહુ, અમને કહ્યા વિના, કૂવામાંથી પાણી ભરવા મધરાતે તેના ખેતરમાં ગઈ. પણ ખેડૂતો જાગી ગયા અને ' કૂવો અભડાવ્યો ' એમ કહી ગુસ્સે થઈ તેઓએ તેને આટલો માર માર્યો ! સાહેબ, એ જીવશે ખરી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાક્તર — જરૂર જીવશે. ફિકર કરવાની જરૂર નથી. પણ તેને સાજી થતાં મહિનો લાગશે. ત્યાં સુધી તેને અહીં દવાખાનામાં રહેવું પડશે.

મરી — પણ માબાપ, અમે ગરીબ માણસ, એટલા પૈસા કયાંથી લાવીએ?

દાક્તર — અરે ભલા માણસ, તેથી કંઈ તેને મરવાય દેવાશે? તમે તમારે નિરાંતે ઘેર જાઓ. દરરોજ ખબર કાઢવા આવજો. બીજી કાંઈ પણ ચિંતા કરતા નહીં.

[પેલા ચાર જણ દાક્તરનો આભાર માનતા પગે પડી જાય છે. દાક્તર ગંભીર બની અંદર જાય છે.]

પ્રવેશ ત્રીજો

[એક મહિના પછીનો સમય. દાક્તર દવાખાનામાં બેઠા છે. એવામાં મરી આવે છે.]

મરી — [સલામ કરી] સાહેબ, તમે મને બોલાવ્યો?

દાક્તર — હા, આવ મરી, અહીં બેસ. હવે તારી વહુને સારું થઈ ગયું છે. તેને દવાખાનામાં રાખવાની જરૂર નથી.

મરી — [આભારની નજરે દાક્તર તરફ જોઈને] સાહેબ, એ તમારા પુણ્યે જ બચવા પામી. તમે એને બચાવવા ઓછી મહેનત નથી કરી. તે માટે અમે . . .

દાક્તર — [મરીને બોલતો અટકાવીને] અરે, હું શું કહું છું, એ તો જરા સાંભળ. મારે તારી બીજી વાતો નથી સાંભળવી. બોલ, તું મારું એક કામ કરીશ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરી — અરે માબાપ, તમે તો મારી વહુને જીવત-દાન આપ્યું છે. મારો જીવ માગો તોપણ હું આપી દેવા તૈયાર છું.

દાક્તર — મરી, તું નાનો હતો ત્યારે તેં અને તારા ભાઈએ એક બ્રાહ્મણના નાના છોકરાને વાંદરીના હાથમાંથી બચાવ્યો હતો, એ તને યાદ છે? તમે જો ન હોત તો એ વાંદરી તેને ફાડી જ ખાત! પણ તેના બદલામાં તે છોકરાની મા, તમે ભંગી છો એ જાણીને ગુસ્સે થઈ ગઈ અને તમને મારીને તેણે કાઢી મૂકચા હતા, ખરું ને?

મરી — [વિચારમાં પડી જઈને] સાહેબ, એ તો બહુ દહાડાની વાત છે. પણ તમને એ કચાંથી ખબર? [દાક્તર તરફ બારીકીથી જોઈને] અરે, તમે જ તો મુકુંદભાઈ નથી ને?

દાક્તર — [હસીને] વાહ, તેં મને ઓળખ્યો ખરો. પણ હવે મારી વાત સાંભળ. મારી બાએ તને લાકડાનો ફાચરો મારીને કાઢી મૂકચો હતો, તે વાત મારાથી ભૂલી શકાતી નથી. મારી બાએ તમને ભારે અન્યાય કર્યો હતો. એમના એ મોટા અપરાધનો કંઈક બદલો મારે આપવો છે. તું અને તારી વહુ મારા ઘરમાં જ રહેશો? મારા ઘરમાં બીજું કોઈ નથી. તમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા ઘરમાં રહેશો, તો જ મારી બાનો દોષ ધોવાશે અને મને શાંતિ વળશે.

[આ સાંભળીને મરી ગળગળો થઈ જઈ દાક્તરના પગ આગળ બેસી પડે છે. મુકુંદ તેને ઊભો કરવા પ્રયત્ન કરે છે.]

[પડદો પડે છે.]

૩

બાપુનું કળશરૂપ કાર્ય

એક વાર એક ભાઈ એ મહાત્મા ગાંધીજીને પૂછ્યું : "બાપુ, આપ આપના કયા કાર્ય વિષે કહી શકો કે, 'બસ, આ મારું કાર્ય બધાં કાર્યોના કળશરૂપ છે'?"

બાપુજી થોડી વાર શાંત રહી બોલ્યા : "સૌથી મોટું કામ કહેવું હોય, તો ખાદી અને હરિજન-કાર્ય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલા ભાઈએ તરત જ પૂછ્યું : "અને અહિંસા ? શું આપની સૌથી મોટી ભેટ અહિંસા નથી ?"

બાપુ કહે : "હા, છે જ. પણ એ તો મારા દરેક કામમાં ઓતપ્રોત છે. પણ જો સમષ્ટિ અહિંસાથી વ્યષ્ટિ કાર્ય જુદું પાડો તો હું કહીશ — ખાદી અને હરિજન-કાર્ય એ મારાં શ્રેષ્ઠતમ કાર્ય છે. અહિંસા તો જાણે મારી માળાના મણકાઓનો દોરો છે; મારાં બધાં કામોમાં એ ઓતપ્રોત છે."

૪

વાલિયો લૂંટારો

પ્રવેશ પહેલો

[જંગલનો વેરાન રસ્તો છે. માણસનું નામનિશાન નથી. આખું જંગલ ભયાનક દેખાય છે. એવામાં જંગલની ઝાડીમાંથી વાલિયો નામે લૂંટારો એકલો બોલતો બોલતો આવે છે.]

વાલિયો લૂંટારો — આજ ઘણા દિવસ થઈ ગયા છે, પણ કોઈ મુસાફર આ તરફ ફરકતો નથી. લોકોમાં મારી ધાક બેસી ગઈ છે. મેં પણ કેટલાંય માણસોને લૂંટ્યાં છે, કેટલાંયને ઠાર માર્યાં છે. એટલે લોકો હવે આ તરફ આવતાં ગભરાય જ ને ? હવે જો આજકાલમાં કોઈ શિકાર નહિ મળે, તો બીજે ક્યાંક જવું પડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[એવામાં સામી બાજુથી નારદ મુનિ આવતા દેખાય છે. માણસને આવતો જોઈને વાલિયો ઝાડીમાં સંતાઈ જાય છે.]

નારદ મુનિ — [તંબૂરો અને કરતાલ વગાડતા અને ગાતા પ્રવેશે છે.]

" નારાયણ, નારાયણ, ભજ મન ! નારાયણ નારાયણ. "

[એવામાં વાલિયો લૂંટારો ઝાડીમાંથી બહાર ધસી આવે છે.]

વાલિયો — [મોટે અવાજે] એ બામણા, મૂકી દે તારો તંબૂરો નીચે અને દેખાડ તારી ઝોળી.

[નારદ મુનિ સ્વસ્થ ઊભા રહે છે અને શાંત, પ્રસન્ન નજરે વાલિયા તરફ જુએ છે. આ નવા મુસાફરને પોતાનાથી જરા પણ ગભરાતો ન જોઈને વાલિયો નવાઈ પામે છે.]

વાલિયો — [મનમાં] અરે, આ તો કોઈ અજબ માણસ લાગે છે ! ભલભલા માણસો મારી રાડ સાંભળીને થથરી ઊઠે છે, ત્યારે આ તો મારી સામે હસતો હસતો જોઈ રહ્યો છે !

[નારદ મુનિ થોડી વાર પછી વાલિયાની વધારે નજીક જાય છે.]

નારદ મુનિ — ભાઈ, તું કોણ છે ? તું શું લૂટારો છે ? ભાઈ, તું આવો પાપી ધંધો શા માટે કરે છે ?

વાલિયો — મારે કુટુંબ છે, માબાપ છે, બૈરીછોકરાં છે. તેમને સૌને ખવરાવવું પિવરાવવું જોઈએ ને ? હું લૂંટવાનો ધંધો ન કરું, તો અમે બધાં ભૂખે જ મરીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારદ મુનિ — પણ ભાઈ, તે માટે આવું ઘોર પાપ શા માટે કરે છે? તારાં બૈરીછોકરાં, માબાપ તારા આ ભયંકર પાપમાં ભાગીદાર થશે ખરાં?

વાલિયો — થાય જ ને? હું કાંઈ એકલો મારા એકલા સારુ આ પાપ કરું છું?

નારદ મુનિ — પણ તેં એમને પૂછી જોયું છે?

વાલિયો — ના, તેમને પૂછ્યું તો નથી!

નારદ મુનિ — ત્યારે ભાઈ, તું ઘેર જઈને સૌને એટલું પૂછી તો આવ. તું પાછો આવે ત્યાં સુધી હું અહીં જ ઊભો રહીશ.

[વાલિયો વિચારમાં પડી જાય છે. પછી એકદમ તેના ઘર ભણી દોડતો દોડતો જાય છે. નારદ મુનિ તેને જોઈ રહે છે.]

પ્રવેશ બીજો

[નારદ મુનિ ત્યાં જ ઊભા છે. વાલિયો નીચું જોતો જોતો લથડતે પગલે પ્રવેશે છે.]

વાલિયો — [નારદ મુનિના પગ આગળ બેસી પડીને] મહારાજ, મહારાજ, હવે તમે મને બચાવો! મારાં માબાપ, બૈરીછોકરાં એ બધાં ખાવાનાં જ સગાં છે! મારા પાપમાં કોઈ ભાગિયાં નથી. હું એકલો આવડા મોટા પાપની સજા કેમ કરીને ભોગવીશ? [રડે છે.]

[નારદ મુનિ તેને ઊભો કરે છે અને તેના વાંસા ઉપર હાથ ફેરવે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારદ મુનિ — ભાઈ, આમ અકળાઈ ન જા. ઘેર શું થયું એ મને કહે.

વાલિયો — મહારાજ, મેં ઘેર જઈને પ્રથમ મારી માને પૂછ્યું : 'મા, મા, હું લૂંટ કરીને તને ખવડાવું છું, તો મારા પાપમાં તું ભાગીદાર ખરી કે નહીં?' એ સાંભળીને માએ કહ્યું કે, 'તારા પાપમાં હું ભાગીદાર શાની? કરે તે ભરે, એ કર્મનો કાયદો છે.' મારા વૃદ્ધ પિતાજીએ પણ એવો જ જવાબ આપ્યો!

નારદ મુનિ — તારી પત્નીએ શું કહ્યું?

વાલિયો — મહારાજ, એની તો વાત જ જવા દો! મેં જ્યારે પૂછ્યું, ત્યારે તે બોલી ઊઠી, 'વાહ, પાપ તમે કરો અને પાપનું ફળ અમારે ભોગવવાનું! એવું તે કદી બનતું હશે? હું તમને કયાં કહું છું કે, અમારે માટે પાપ કરો? તમને મહેનત-મજૂરી કરતાં જોર પડતું હશે, એટલે લૂંટીને પૈસા લાવતા હશો!' [એમ કહી ધ્રૂસકે ધ્રૂસકે રડે છે.]

નારદ મુનિ — ભાઈ, ઊઠ; શાંત થા.

વાલિયો — [રડતો રડતો] મહારાજ, હવે મારું શું થશે? મને મારા ઘોર પાપમાંથી બચાવો!

નારદ મુનિ — ભાઈ, તું આ પીપળાના ઝાડ નીચે બેસી 'રામ, રામ' એમ જપ્યા કર. રામનામનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જપ તારાં બધાં પાપો બાળી મૂકશે. હું પાછો આવું ત્યાં સુધી અહીં જ બેસી રહેજે અને રામનામ જપ્યા કરજે.

[વાલિયો નારદ મુનિને પગે પડી પીપળાના ઝાડ તળે બેસી 'રામ, રામ' જપવા લાગે છે. નારદ મુનિ જાય છે.]

પ્રવેશ ત્રીજો

[જંગલનો એ જ ભાગ. ઘણો સમય વહી ગયો છે. પીપળાના ઝાડ નીચે ઊધઈનો મોટો રાફડો — વલ્મીક બાઝેલો છે. રાફડાની અંદરથી 'રામ, રામ' એવો મંદ ધ્વનિ સંભળાય છે. એવામાં નારદ મુનિ 'નારાયણ, નારાયણ' બોલતા પ્રવેશે છે.]

નારદ મુનિ — [રાફડો જોઈને] અહો, વાલિયાનું તપ ખરેખર અદ્‌ભુત છે! સાચે જ, માણસ કેટલોય પાપી હોય, પણ જો તે પસ્તાવો કરી ઈશ્વરનું શરણું લે, તો તે જરૂર પાવન થઈ જાય. [રાફડા પાસે જઈને] હે વાલ્મીકિ મુનિ, ઊઠો.

[રાફડો ફાટે છે અને તેમાંથી વાલિયો બહાર નીકળી નારદ મુનિને પગે પડે છે. વાલિયાના મોઢા ઉપર જ્ઞાનનું તેજ છવાયું છે.]

વાલિયો — [મુનિને પ્રણામ કરી] મહારાજ, આપને પ્રતાપે હું પાવન થયો.

નારદ મુનિ — હે વાલ્મીકિ મુનિ, હવે તમે પવિત્ર બની ગયા છો. રામાયણની કથા હવે તમારે હાથે જ રચાશે. તમારું કલ્યાણ થાઓ.

[વાલ્મીકિ નારદ મુનિને વંદન કરે છે.]

[પડદો પડે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

સત્ય વિ૦ સ્વાર્થ

ઈંગ્લેંડમાં રાજા ચાર્લ્સ પહેલાની આપખુદ સત્તાથી ત્રાસી જઈને પ્રજાએ તેની સામે પગલાં ભરીને તેને હંમેશને માટે દૂર કર્યો હતો. ત્યાર પછી લોકોએ રાજ-કારભાર પોતાના હાથમાં લીધો હતો. તે વખત દરમિયાન પીમ નામે એક સત્યનિષ્ઠ સદ્‌ગૃહસ્થ ત્યાંનો રાજકારભાર ચલાવનારી પાર્લમેન્ટમાં સભ્ય હતો.

એક વાર પીમને પાર્લમેન્ટમાં કંઈક કહેવાનું હતું. પરંતુ જો તે કશુંક કહે તો તેને પોતાને જ એથી નુકસાન થવાનું હતું! એટલે તેના કેટલાક હિતેચ્છુ મિત્રોએ તેને સલાહ આપતાં કહ્યું : "આવા પ્રસંગે બહુ ડાહ્યા થવામાં કશો સાર નથી. જાણે તમે એ બાબતમાં કશું જાણતા જ નથી, એમ ચૂપ બેસી રહેવામાં જ તમારી સલામતી છે."

પીમ શાંત અવાજે મક્કમતાથી બોલ્યો : "મિત્રો, મને ભલે હાનિ થાય. પરંતુ સત્યને હાનિ થાય, એ વાત મારાથી સહન થઈ શકે એમ નથી. માટે હું તો સાચું જ કહીશ. પછી ભલે મારું જે થવાનું હોય તે થાઓ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

રસ્તા વચ્ચે પથ્થર

[નગરનો રસ્તો છે. રાજા વેશ બદલીને એકલો ફરવા નીકળ્યો છે. રસ્તા વચ્ચે એક પથ્થર પડેલો છે. રાજાને ઠોકર વાગે છે.]

રાજા — (નીચે નમીને) અરે! રસ્તા વચ્ચે આ પથ્થર કયાંથી? (આસપાસ જોઈને) હાં, આ નવું મકાન બંધાય છે, તેનો જ આ પથ્થર હશે. એને અહીંથી ખસેડવો જોઈએ. પણ જોઉં તો ખરો, એ પથ્થર કેટલાને વાગે છે અને કોણ ખસેડે છે! (નજીકના ઝાડ નીચે બેસે છે.)

[એક બાવાજી લોટ માગતા આવે છે.]



બાવાજી — રાજા રામ રામ રામ, સીતા રામ રામ રામ.

[પેલા પથ્થરની ઠેસ વાગે છે.]

બાવાજી — હે રામ! કેટલો મોટો પથરો રસ્તા વચ્ચે પડેલો છે! કોઈ ખસેડતું જ નથી!

[પથ્થર ખસેડ્યા વિના જ આગળ જાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[દૂધવાળો આવે છે.]

દૂધવાળો — દૂધ લો દૂધ!

[પેલા પથ્થરની ઠેસ વાગે છે.]

દૂધવાળો — અરે ભલા ભગવાન! હમણાં જ પડી જાત! કોણે આ પથરો રસ્તા વચ્ચે નાખ્યો હશે?

[પથ્થર ખસેડ્યા વિના જ ચાલતો થાય છે.]

[પોલીસ આસપાસ નજર કરતો રુઆબભેર આવે છે. તેને પણ પેલા પથ્થરની ઠેસ વાગે છે.]

પોલીસ — ઓહ! આ પથરો અહીં કોણે નાખ્યો છે? લોકો પણ કેવા હરામી થઈ ગયા છે! ખસેડીને બાજુએ મૂકતાં શું થાય છે?

[પથ્થર ખસેડ્યા વિના ચાલતો થાય છે.]

[ગાડીવાળો આવે છે.]

ગાડીવાળો — (ગીત ગાય છે.)

'માછીડા, હોડી તું હંકાર,
મારે જવું પેલે પાર.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



[ગાડીનું પૈડું પથ્થર સાથે અથડાય છે.]

ગાડીવાળો — અરે! પથરો-બથરો પડ્યો લાગે છે! હમણાં મારી ગાડી ગબડી પડત તો? રસ્તે ચાલતા લોકો એટલું પણ જુએ છે?

[પથ્થર ખસેડ્યા વિના આગળ ગાડી હંકારી જાય છે.]

[કૂવેથી પાણી ભરીને બાઈ આવે છે; તેને ઠોકર વાગે છે.]

બાઈ — ઓ મા રે! હમણાં ગબડી પડત! રસ્તા વચ્ચે આવડો મોટો પથરો શું બાવા નાખી મૂક્યો હશે? આટલા બધા આવે છે ને જાય છે, કોઈ ખસેડતુંય નથી!

[બબડતી બબડતી ચાલી જાય છે.]

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल काँगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[રાજા હસતો હસતો ઊભો થાય છે.]

રાજા — વાહ! આટલા બધા લોકોને આ પથરો વાગ્યો. વાગે ત્યારે દરેક જણ અકળાય છે. દરેક જણ બીજાનો વાંક કાઢે છે. પણ જાતે નમીને કોઈ પથરો ખસેડતું નથી!

[રાજા પથરો રસ્તાની બાજુએ ખસેડીને જાય છે.]

૭

જીવલેણ બેદરકારી

આપણા દેશનું ભલું ચાહનારા વિદેશીઓમાં દીનબંધુ ઍન્ડ્રૂઝની પણ ગણના થાય છે. તે ઇંગ્લૅંડની એક કૉલેજના અધ્યાપક હતા. પરંતુ તેમને ગરીબ તથા દુઃખી લોકોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેવા કરવાનું ખૂબ ગમતું. આપણા દેશની ગુલામી અને ગરીબીની વાતો તેમના સાંભળવામાં આવી. આથી તે ઈંગ્લેંડથી આપણા દેશમાં આવ્યા. અને છેવટ સુધી તેમણે આપણા દેશની સેવા કરી.

મહાત્મા ગાંધીજી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરના તે પરમ મિત્ર હતા. આપણા લોકોએ તેમને 'દીનબંધુ' એટલે 'ગરીબોના ભાઈ' એવું વહાલસોયું નામ આપ્યું હતું. તેમના જીવનમાંથી એક પ્રસંગ સમજવા જેવો છે.

દીનબંધુ એન્ડ્રૂઝ નાના હતા ત્યારે એક વાર તેમણે પોતાના પિતાને કહ્યું: "બાપુ, આપણા દાદાજીનો ફોટો જોઈને મને તો એમ જ લાગે છે કે, એ જીવતા છે અને આપણી સામું જ જુએ છે. પણ દાદાજીનું મરણ શાથી થયેલું?"

બાળક એન્ડ્રૂઝનો આ સવાલ સાંભળી તેમના પિતા ગંભીર બની ગયા. તેમની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં. તે ગદ્‌ગદ કંઠે બોલ્યા: "બેટા, એ વાત બહુ કરુણ છે! દાદા ઘરડા તો હતા જ; એટલે તેમની તબિયત નબળી હતી. એક દહાડો અમે બે જણ રસ્તાની ફરસ-બંધીવાળી પગથી ઉપર થઈને જતા હતા. કોઈ બેદરકાર છોકરાએ કે ઘરવાળાએ નારંગી ખાઈને છોતરું ત્યાં નાખેલું. ચાલતાં ચાલતાં દાદાનો પગ એના પર પડ્યો, ને એ લપસ્યા! બેટા, એ દેખાવ યાદ આવતાં મારું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૈયું ભરાઈ આવે છે. દાદા રસ્તા ઉપર એવા તો પટકાયા કે એમાંથી એમનું મરણ નીપજ્યું!''

થોડી વાર થોભીને પછી ઍન્ડ્રુના પિતા બોલ્યા : ''બેટા, એ દહાડાથી જ્યારે જ્યારે હું રસ્તા ઉપર કેળાનું કે નારંગીનું છોતરું જોઉં છું, ત્યારે ત્યારે મને દાદાનું કારમું મોત યાદ આવે છે. અને હું તરત જ તે છોડું ઉપાડીને કચરાની પેટીમાં નાખું છું. ત્યાર પછી જ હું આગળ જાઉં છું.''

બાળક ઍન્ડ્રુ ઉપર આ કરુણ કિસ્સાની ઊંડી અસર થઈ અને તેમને પણ પિતાની જેમ છોતરું રસ્તા ઉપરથી તરત જ ઉઠાવી લેવાની ટેવ પડી ગઈ.

૮

સભ્યતા

ખ્રિસ્તી ધર્મના વડાને પોપ કહેવામાં આવે છે. ક્લેમેન્ટ ચૌદમાને જ્યારે પોપની મહાન પદવી આપવામાં આવી, ત્યારે દેશવિદેશના રાજાઓના પ્રતિનિધિઓ તેમને અભિનંદન આપવા આવ્યા. દરેક દેશનો પ્રતિનિધિ પોપની પાસે આવીને નમન કરતો, ત્યારે પોપ પણ તેનો નમીને સત્કાર કરતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જોઈને પોપના ખાસ સેવકે કહ્યું: "પોપ સાહેબ, આપે નમીને પ્રતિનિધિઓનો સત્કાર કરવાની જરૂર નથી."

એ સાંભળીને પોપ શાંત અવાજે બોલ્યા: "તમારું કહેવું સમજ્યો. પરંતુ મને માફ કરજો. પોપની ગાદી ઉપર બેસતાં મને ઝાઝો સમય થયો નથી; એટલામાં હું સારી રીતભાત પણ ભૂલી જાઉં? એવું તે કંઈ બને?"

૯

સૌજન્ય

પંજાબ મહાવિદ્યાલયના પહેલા પદવીદાન વેળાએ સરદાર વલ્લભભાઈ પટેલ એનું ઉદ્‌ઘાટન કરવા આવ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. તે વખતે એક વિદ્યાર્થીએ સરદારશ્રીની પાસે આવીને તેમને પ્રણામ કર્યા.

સરદારશ્રીએ તેને પૂછ્યું : "કેમ, મજામાં છે ને?"

વિદ્યાર્થીએ કહ્યું : "જી હા."

થોડી વાર પછી સરદાર વલ્લભભાઈ પટેલને તેમના એક સાથીએ પૂછ્યું : "તમે પેલા છોકરાને ઓળખતા હતા ખરા?"

સરદારે કહ્યું : "ના."

પેલા સાથીએ જરા નવાઈ પામીને કહ્યું : "તમે એની સાથે વાત તો એ રીતે કરી કે, જાણે તમે એને ઓળખતા હો!"

સરદારશ્રી બોલ્યા : "હું ભલે તેને ઓળખતો નહીં હોઉં, પણ તે તો મને ઓળખે છે ને?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

સાચી હજ



કાબાની મસીદ, મક્કા

પ્રવેશ પહેલો

[રાતનો સમય છે. બધે શાંતિ ફેલાયેલી છે. મહાન તપસ્વી અબદુલ્લા મક્કાની હજ કર્યા પછી કાબાની મસીદ પાસે આવીને સૂતા છે. એવામાં તેમને સ્વપ્નું આવે છે. સ્વર્ગના બે ફિરસ્તા વાતચીત કરતા કરતા ધરતી ઉપર ઊતરે છે.]

પહેલો ફિરસ્તો — ભાઈ, આ વરસે મક્કાની હજ કરવા કેટલાં માણસો આવ્યાં, એની કશી ખબર મળી કે ?

બીજો ફિરસ્તો — આશરે છ લાખ જેટલાં માણસો આવ્યાં હતાં, એવા સમાચાર મળ્યા છે.

પહેલો — પણ આ વખતે ખુદાએ કેટલાં માણસોની હજ સ્વીકારી, એની ખબર તમને મળી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો — આ વખતે અહીં આવેલાઓમાંથી એકની પણ હજનો સ્વીકાર થયો નથી!

પહેલો — (નવાઈ પામીને) અરે, એ તો ભારે થઈ કહેવાય!

બીજો — પણ ભાઈ, ખૂબીની વાત તો એ છે કે, દમસ્ક શહેરમાં અલી નામે એક મોચી રહે છે; તે હજ કરવા મક્કા આવ્યો નથી, તોયે ખુદાના દરબારમાં તેની હજ પહોંચી છે!

[આટલું કહીને બંને ફિરસ્તા અલોપ થઈ જાય છે. આ સંવાદ સાંભળી અબ્દુલ્લા ઝબકીને જાગે છે.]

અબ્દુલ્લા — (વિમાસતા) અરે, સ્વપ્નમાં મેં અજબ વાત સાંભળી! દૂર દૂરથી બિચારાં કેટલાંય માણસો ઘણી મુસીબતો વેઠીને મક્કાની હજ કરવા આવ્યાં, એ સૌની મહેનત નકામી ગઈ; અને પેલો મોચી મક્કાની હજ કરવા આવ્યો નથી, તોયે ખુદાએ તેની હજ સ્વીકારી છે! આવું તે કદી બનતું હશે? લાવ, હું દમસ્ક જઈને અલી મોચીને મળી આવું. આ વાતનો ભેદ સમજવા જેવો છે.

[અબ્દુલ્લા દમસ્ક શહેર ભણી જવા ઊપડે છે.]

પ્રવેશ બીજો

[દમસ્ક શહેરમાં અલી મોચીનું ઘર. અલી બેઠો બેઠો જોડા સીતો રહ્યો છે. એવામાં અબ્દુલ્લા આવે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અબદુલ્લા — (સલામ કરીને) ભાઈ, અલી મોચીનું ઘર આ કે?

અલી — (ઊભો થઈને સામી સલામ કરીને) આવો સાહેબ. હું અલી. મારા જોગું કશું કામકાજ હોય તો ફરમાવો.

અબદુલ્લા — ભાઈ, મારે તમારી સાથે થોડી વાતચીત કરવી છે. શું તમે ફક્ત જોડા સીવવાનો જ ધંધો કરો છો? આ ઉપરાંત ધરમનું કશું કામ કરો છો કે?

અલી — સાહેબ, મારા જેવા ગરીબ અભણને ધરમના કામની શી ગતાગમ હોય! આખો દિવસ તનતોડ મહેનત કરું છું, ત્યારે અલ્લાની મહેરબાનીથી પેટ પૂરતું મળી રહે છે.

અબદુલ્લા — (વિચારમાં ગરક થઈ જઈને) વાહ, આ તો નવાઈની વાત! તો પછી સ્વપ્નમાં ખુદાના ક્રિસ્તાની વાતચીતને તમારા આ ધંધા સાથે શો મેળ બેસે છે?

અલી — (મૂંઝવણ અનુભવતો) સાહેબ, આપ આ શું કહી રહ્યા છો એ મને સમજાતું નથી. જરા ફોડ પાડીને વાત કરો તો મહેરબાની.

અબદુલ્લા — ભાઈ, હું મક્કાની હજ કરીને સીધો અહીં જ આવું છું. હજ પૂરી કરીને હું કાબાની મસીદ

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल काँगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે સૂતો હતો. તે વખતે સ્વપ્નમાં બે ફિરસ્તાઓને વાતચીત કરતા મેં સાંભળ્યા. તેમાંના એક ફિરસ્તાએ એવું કહ્યું કે, આ વખતે આવેલાં છ લાખ માણસોમાંથી ખુદાએ એકની પણ હજ સ્વીકારી નથી; પરંતુ દમસ્ક શહેરમાં રહેતો અલી નામનો મોચી હજ કરવા આવ્યો નથી, તોયે તેને ખુદાએ હજનું ફળ આપ્યું છે. . . .

અલી — ઓ . . . . હ! (ચીસ પાડીને બેહોશ થઈ જાય છે.)

[અબદુલ્લા સફાળા ઊઠીને તેને કપડા વડે પવન નાખે છે. બાજુમાં ચંબુ પડ્યો છે, એમાંથી પાણી લઈને તેના મોં પર છાંટે છે. થોડી વારે અલી હોશમાં આવે છે.]

અલી — (ગળગળા અવાજે) યા અલ્લા! તું ખરેખર રહેમદિલ છે! (અબદુલ્લાને) સાહેબ, મને ત્રીસ વરસથી મક્કાની હજ કરવાની ખૂબ ખૂબ ઇચ્છા થાય છે. એ માટે હું જોડા સીવી સીવીને જે કંઈ મળતું તેમાંથી થોડું થોડું બચાવીને પૈસા ભેગા કરતો હતો. આ વરસે મક્કાની હજ કરવા જઈ શકાય એટલી રકમ થઈ હતી. હું મક્કા જવાની તૈયારી ખૂબ ઉમંગથી કરવા લાગ્યો. પણ એટલામાં મેં મારા પાડોશીની હાલતની વાત સાંભળી. તેના કુટુંબમાં સાત દિવસના વાખા થયા હતા; અને તેનાં ભૂખે ટળવળતાં બાળકો માટે એક મરેલા જનવરનું માંસ રાંધીને આપવા તે બાપડો તૈયાર થયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો! આ વાત સાંભળી મારા દિલમાં ખૂબ દુઃખ થઈ આવ્યું. મને થયું, 'અરેરે, મારા પાડોશીનાં કુમળાં બાળકોને ભૂખે ટળવળતાં મૂકીને હું હજ કરવા જાઉં, એ કેવું બૂરું કહેવાય!' એટલે હજ માટે એકઠા કરેલા તમામ પૈસા મેં મારા પડોશીને આપ્યા અને કહ્યું: 'ભાઈ, આ પૈસા મેં મક્કાની હજ કરવા ભેગા કર્યા હતા. પણ આ તારાં ભૂખે ટળવળતાં બાળકો માટે એ પૈસા હું તને આપું છું. એમાંથી તારાં બાળકોને ખાવાનું તથા પહેરવાનું લાવી આપજે.'

અબદુલ્લા — (અલીની વાત સાંભળીને વિચારમાં પડી જાય છે. તેમની આંખમાં ઝળઝળિયાં આવે છે.) ભાઈ અલી, ખરેખર, ફિરસ્તાએ સ્વપ્નમાં જે કહ્યું હતું એ સાચું જ છે. તારી જ હજ ખુદાના દરબારમાં પહોંચી છે. કારણ કે, તેં હજ માટે ખૂબ મહેનત કરીને ભેગા કરેલા તારા પૈસાથી એક ગરીબ કુટુંબને તંગીમાંથી બચાવી લીધું છે અને જીવતદાન આપ્યું છે. તને ધન્ય છે!

અલી — યા પરવરદિગાર!

[અલી ખુદાનું અહેસાન માનતો ઘૂંટણિયે પડી પગે પડે છે. અબદુલ્લા તેની તરફ માન અને વહાલથી જોઈ રહે છે.]

[પડદો પડે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

એકનાથની જાત્રા

એકનાથ મહારાજ મહારાષ્ટ્રના એક મોટા સંત થઈ ગયા. એક વાર તે કાશીની જાત્રા કરવા ગયા. ત્યાંથી તેમણે ગંગાજળની કાવડ ભરી લીધી. દક્ષિણમાં આવેલા પવિત્ર તીર્થ રામેશ્વર લઈ જઈને એ ગંગાજળ ત્યાં ચડાવવાનું હતું. આ પ્રમાણેની જાત્રા બહુ મોટી ગણાય છે.

એકનાથ મહારાજની સાથે બીજા પણ કાવડવાળા જાત્રાળુઓ હતા. એકનાથ સૌથી આગળ ચાલતા હતા. તેમના સાથીઓ ધીમે ધીમે પાછળ આવતા હતા.

ઉનાળાના દિવસો હતા. ગરમી સખત પડતી હતી. ચારે તરફ કચાંય ઝાડ કે પાણી દેખાતું ન હતું. આવે વખતે રસ્તામાં એક ગધેડો તરસે તડફડતો હતો. પાણી વગર તે બાપડો મરવા પડ્યો હતો!

ગધેડાને જોઈ સંત એકનાથનું હૈયું દયાથી ભરાઈ આવ્યું. તેમણે એ તડફડતા ગધેડાને પોતાની કાવડમાંનું ગંગાજળ પાવા માંડ્યું. તરસ્યો ગધેડો બધું જ પાણી પી ગયો.

પાણી મળવાથી થોડી વારમાં તે ઊભો થયો અને ભૂંકતો ભૂંકતો ચાલ્યો ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



થોડી વાર પછી એકનાથના સોબતીઓ આવી પહોંચ્યા. એકનાથની કાવડ ખાલી જોઈને તેઓ નવાઈ પામ્યા. તેઓએ પૂછ્યું : "મહારાજ, આપની કાવડ ખાલી કેમ છે? ગંગાજળ ક્યાં ગયું?"

એકનાથ બોલ્યા : "ભાઈઓ, અહીં એક બિચારો ગધેડો પાણી વિના મરતો હતો. આજુબાજુ ક્યાંય પાણી ન હતું. તેથી મેં તેને ગંગાજળ પાઈ દીધું."

સોબતીઓ આ સાંભળી બોલ્યા : "પણ મહારાજ, હવે રામેશ્વર ભગવાનને શું ચડાવશો? આપની જાત્રા અધૂરી રહેશે!"

સંત એકનાથે શાંતિથી જવાબ આપ્યો : "એ વાત તો સાચી. પરંતુ પાણી વિના એ ગધેડો મરવા પડ્યો હતો. મારી પાસે કાવડ ભરીને પાણી હતું. તે તેને ન પાઉં એ કેવું કહેવાય? ગધેડાને મેં ગંગાજળ પાઈ દીધું, તેથી મને પૂરેપૂરી ખાતરી છે કે, રામેશ્વર ભગવાન જરૂર મને માફ કરશે અને મારા ઉપર પ્રસન્ન થશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

લાયકાતનું માપ !

એક રાજા હતો. તે આખો વખત મોજમજા કરવામાં જ આનંદ માનતો હતો. સારાં સારાં કપડાં પહેરવાં એને ખૂબ ગમે. પરંતુ રાજા તરીકેનો ધર્મ એ બરોબર બજાવતો ન હતો. રાજાનું જોઈને બીજા લોકો પણ એ જ રીતે વર્તતા.

એક દિવસે તેના રાજ્યમાં ચાર ચતુર માણસો આવ્યા. રાજાની કુટેવની વાત સાંભળીને તેઓને થયું કે, 'ચાલો, આપણે આ રાજાની સાન ઠેકાણે લાવીએ.' તેઓ રાજા પાસે ગયા અને નમન કરી બોલ્યા : "રાજાજી, અમે હોશિયાર વણકરો છીએ. અમે સોના-ચાંદીના તારથી એટલું સારું કપડું વણીએ છીએ કે, તમે કદી એવું જોયું ન હોય. પણ અમારા કપડાની એક ખૂબી છે : જે માણસ પોતાનું કામ વફાદારીથી બરાબર ન કરતો હોય, તેને એ કાપડ દેખાય નહીં."

રાજા એ સાંભળીને વિચારવા લાગ્યો : 'આ સારી યુક્તિ છે. એ કપડાની મદદથી હું જોઉં તો ખરો કે, મારા રાજ્યમાં કોણ વફાદારીથી કામ નથી કરતું ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાએ વણકરોને કપડું વણવાની રજા આપી અને એમને જોઈએ એટલા સોનાચાંદીના તાર પૂરા પાડવાનો ખજાનચીને હુકમ કર્યો.

વણકરો તો ખાલી સાળ જ ખખડાવતા. પરંતુ ખજાનામાંથી તો તેઓ દરરોજ મન ફાવે એટલા સોના-ચાંદીના તારો લઈ આવતા.

ચારેક દિવસ પછી રાજાએ પ્રધાનને કહ્યું: "પ્રધાનજી, તમે ત્યાં જઈ ને જોઈ તો આવો કે કેવું કપડું વણાય છે?"

પ્રધાન થોડા કારભારીઓ સાથે વણકરો કામ કરતા હતા ત્યાં જવા ઊપડ્યો.

પ્રધાન પધારે છે એવી ખબર પડતાં જ પેલા ચાર વણકરો ખાલી સાળ પર નકામું નકામું વણવા બેસી ગયા. પ્રધાન અને કારભારીઓ આવીને જુએ છે તો ખાલી સાળ પર વણકરો કામ કરતા હતા! જાણે ખરેખર વણતા જ હોય એટલી તલ્લીનતાથી એ લોકો વણી રહ્યા હતા.

પ્રધાન અને કારભારીઓ આંખો ફાડી ફાડીને જુએ, પણ કપડું દેખાય જ નહીં! પ્રધાનને થયું: 'શું હું મારું કામ વફાદારીથી નથી કરતો? મને કપડું શા માટે દેખાતું નથી?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વણકરો મનમાં હસીને કહે : "પ્રધાનજી, કપડું સુંદર વણાય છે કે નહીં ? કાંઈ સૂચના આપવી હોય તો જરૂર આપજોજી."

પ્રધાન તો મનમાં મૂંઝાયો, પણ બહારથી હસતો હસતો બોલ્યો : "વાહ, શું સુંદર કપડું છે ! આવું સુંદર કપડું મેં કદી જોયું નથી. કેમ કારભારીજી, સાચી વાત છે ને ?"

કારભારીઓની પણ એવી જ દશા હતી. તેઓ પણ મનની વાત મનમાં છુપાવીને બોલ્યા : "પ્રધાનજી, ખરેખર, એની ભાત તો જુઓ, કેટલી સુંદર છે !"

પ્રધાને રાજા પાસે આવીને કપડાનાં ખૂબ ખૂબ વખાણ કર્યાં !

આઠ દિવસ પછી રાજા પ્રધાન સાથે કપડું જોવા ગયો. વણકરો તો ખાલી સાળ પર સાચેસાચ કપડું વણતા હોય એમ કામ કરતા હતા.

રાજા આવીને જુએ તો સાળ ખાલી હતી ! તે આંખો ફાડી ફાડીને જુએ, રૂમાલથી આંખો લૂછીને જુએ, પણ તેને કપડું દેખાય જ નહીં ! એ તો મનમાં અકળાયો : 'અરે, શું હું રાજા તરીકે લાયક નથી ? શું હું મારું કામ વફાદારીથી કરતો નથી ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા આમ વિચાર કરતો હતો ત્યાં પ્રધાન ખોટું ખોટું હસતો બોલ્યો : "રાજાજી, કેટલું સુંદર કપડું છે! તમને ગમ્યું કે નહીં?"

આ સાંભળીને રાજા ચમક્યો! તે પણ એમ જ ખોટું બોલ્યો : "સાચી વાત, પ્રધાનજી; આવું કપડું તો મેં જિંદગીમાં કદી જોયું નથી!"

વણકરો હસતા હસતા બોલ્યા : "રાજાજી, કપડું હવે લગભગ તૈયાર થઈ ગયું છે. તમારે માટે અમે તનતોડ મહેનત કરી છે. હવે તમારું માપ લેવા દો. અમે તમારે માટે સરસ પોશાક તૈયાર કરીશું."

ત્રણ ચાર દિવસ પછી એક ખાલી થાળ લઈને પેલા ચાર માણસો રાજા પાસે આવ્યા. રાજા જુએ તો થાળ ખાલી હતો! એ તો ખૂબ મૂંઝાઈ ગયો, પણ પોતાની મૂંઝવણ કોને કહી શકે? જો રાજા એમ કહે કે, કપડું એને દેખાતું નથી, તો એ પોતાની પદવી માટે નાલાયક ઠરે!

વણકરોએ રાજાએ પહેરેલાં કપડાં ઉતારી લઈ તેને થાળમાંનો નવો પોશાક પહેરાવ્યો. રાજાને તો પોતાના શરીર ઉપર કપડું જ ન દેખાય! તોયે તે અમસ્તો અમસ્તો રાજી થવાનો ડોળ કરવા લાગ્યો. પ્રધાન તેમ જ કારભારીઓની પણ એ જ દશા થઈ! તેઓ બધા ખુશી બતાવતા કહે : "રાજાજી, તમારો પોશાક ખરેખર સુંદર છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખરે આખા ગામમાં રાજાને એ સ્થિતિમાં ફેરવ્યો! પણ બધા ખોટું જ બોલવા લાગ્યા. કારણ કે જો કોઈ એમ કહે કે, રાજાના શરીર પર કપડું જ નથી, તો એ નાલાયક ઠરે! તેથી બધા જ લોકો રાજાના નવા પોશાકનાં ખોટાં ખોટાં વખાણ કરવા લાગ્યા.



પણ એવામાં એક નાના બાળકે 'રાજા નવસ્ત્રો છે' એવું જોરથી કહી દીધું. એ સાંભળીને બધાનો ભ્રમ ભાગ્યો અને રાજા તો શરમિંદા થઈ ગયો! પેલા વણકરોની તપાસ કરી, પણ તે લોકો તો કયારનાય પલાયન કરી ગયા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩

આંધળાનું ફાનસ !

એક વાર એક આંધળો ઘરડો માણસ અંધારી રાતને વખતે હાથમાં ફાનસ લઈને લાકડીને આધારે રસ્તા પરથી જઈ રહ્યો હતો.

એવામાં એક જુવાનિયાની નજર તે અંધ ડોસા ઉપર પડી. એટલે તે એની પાસે જઈને હસતો હસતો એને કહેવા લાગ્યો : "અરે ભલા ડોસા, તારે સારુ અંધારું અને અજવાળું એ બંને સરખાં જ છે ! તો પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ફાનસ તારે શા ખપનું છે કે, તું હાથમાં લઈને જઈ રહ્યો છે?"

અંધ ડોસાએ શાંતિથી જવાબ આપ્યો: "ભાઇ, તમારા જેવા દેખતા માણસો મારા જેવા આંધળા સાથે ટિચાઈ ન પડે, એટલા માટે મેં હાથમાં ફાનસ રાખ્યું છે!"

૧૪

સહૃદયતા

બંગાળામાં પદ્મલોચન નામે એક સજ્જન થઈ ગયા. તે મહેસૂલ ખાતામાં કારકુન તરીકે કામ કરતા હતા. તેમના કામકાજની કદર કરીને તે ખાતાના અધિકારીએ તેમના પગારમાં પચાસ રૂપિયાનો વધારો કરવાનો વિચાર કર્યો.

આ વાતની જ્યારે પદ્મલોચનને ખબર પડી, ત્યારે તે અધિકારી પાસે જઈને બોલ્યા: "સાહેબ, મને હાલ જે વેતન મળે છે તે મારા નિર્વાહ માટે પૂરતું છે. તેથી મને પગારમાં વધારો મળે એ બરોબર નથી. એને બદલે મારા હાથ નીચેના કારકુનોનો થોડો થોડો પગાર વધારી આપશો, તો એ લોકોને રાહત મળશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫

બે દુકાનદાર

એક છોકરાએ બજારમાં શાકભાજીની દુકાન માંડી હતી. એક દહાડો બપોરે એક માણસ તેની દુકાને આવ્યો. દુકાનમાં એક તડબૂચ હતું. એ બતાવીને પેલા ઘરાકે પૂછ્યું : "અલ્યા છોકરા, તડબૂચ તાજું છે કે?"



છોકરો બોલ્યો : "ના સાહેબ; એ તાજું નથી!"

એ સાંભળીને પેલો માણસ આગળ ચાલ્યો. બાજુમાં બીજી દુકાન હતી. ત્યાં જઈ તેણે તડબૂચ હાથમાં લઈને દુકાનદારને પૂછ્યું : "કેમ, તડબૂચ તાજું છે કે?"

દુકાનદાર કહે : "હા સાહેબ, બધાં જ તાજાં છે. એક લઈ તો જુઓ. ખાવા જેવું છે."

ઘરાકે તે દુકાનદારને ત્યાંથી એક તડબૂચ લીધું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધરાક ચાલ્યો ગયો, એટલે એ દુકાનદાર પેલા છોકરાને હસતો હસતો કહેવા લાગ્યો : "અરે છોકરા, તું સાવ મૂરખ છે! આ રીતે તે કાંઈ વેપાર થતો હશે? આપણા માલને આપણે જ ખરાબ કહીએ, તો પછી એને કોણ ખરીદે? મારું તડબૂચ વાસી હતું, છતાં મેં તેને તાજું જ છે એમ કહ્યું. એમ ન કહું, તો એને લે કોણ? જો ને, તારું તડબૂચ વાસી છે એમ તેં કહ્યું, એટલે આખરે પડી રહ્યું ને! આમ કાંઈ દુકાન ચાલે ખરી? ભાઈસાહેબ, જરા વેપાર કરતાં શીખ. બધી વાતમાં સત્યવાદી બનવામાં સાર નથી. સમજ્યો કે?"

છોકરો પેલા દુકાનદારની વાત સાંભળીને બોલ્યો : "કાકા, મેં તો સાચી હકીકત ધરાકને જણાવી. કોઈને ખોટું બોલીને કેમ છેતરાય?"

હવે પેલા ધરાકે ઘેર જઈને તડબૂચ કાપ્યું. જોયું તો તે બગડેલું નીકળ્યું! તેને થયું, "અરે, મને પેલા દુકાનદારે છેતર્યો!"

પછી તે દિવસથી તે માણસ પેલા સાચાબોલા છોકરાની દુકાનેથી જ માલ ખરીદવા લાગ્યો. કેમ કે, એ છોકરો છેતરતો નથી, એવી તેને ખાતરી થઈ ગઈ હતી.

એ રીતે ધીમે ધીમે તે છોકરાની શાખ બંધાઈ અને ઘણા લોકો તેની દુકાનેથી જ માલ ખરીદવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬

શ્રમનું ગૌરવ

અમેરિકાના એક વખતના પ્રમુખ હૂવર પોતાના પુત્રોને શારીરિક શ્રમ કરવામાં નાનમ ન લાગે તેની ખૂબ જ કાળજી લેતા હતા.

હૂવર જ્યારે પ્રમુખ હતા, ત્યારે એમનો સૌથી નાનો પુત્ર એક કડિયાના હાથ નીચે મકાન બાંધવાનું કામ શીખતો હતો. એ કામ કરતાં કરતાં એ જુવાનજોધ છોકરો ઊંચેથી પડી ગયો. તેને જીવલેણ ઈજા થઈ અને તે થોડી વારમાં અવસાન પામ્યો.

હૂવરનું હૃદય આ આઘાતથી રડી ઊઠ્યું. આખો દિવસ તેમણે કશું ખાધુંપીધું નહીં અને તે ઉદાસ બની એકાંતમાં બેસી રહ્યા.

પરંતુ બીજે દિવસે જ્યારે તેમના મિત્રો તેમને દિલાસો આપવા આવ્યા, ત્યારે પ્રમુખ હૂવર બોલ્યા : "મિત્રો, મારા રાષ્ટ્રને જાતમહેનત અને સ્વાવલંબનનું મહત્ત્વ સમજાય એ સારુ મારા પુત્રે પોતાનો જાન આપ્યો, એથી મને ઘણો સંતોષ થયો છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭

જેવો રાજા તેવી પ્રજા

ઈરાનનો બાદશાહ નૌશેરવાન ન્યાયી રાજા તરીકે જાણીતો છે. એક દિવસ તે જંગલમાં શિકાર કરવા ગયો હતો. ત્યાં રસોઈ તૈયાર કરવામાં નિમકની જરૂર પડી.

બાદશાહ નૌશેરવાને એક નોકરને કહ્યું : "પાસેના ગામમાં જઈને નિમક લઈ આવ. પણ અલ્યા, જોજે; પૈસા આપ્યા વિના ન લાવતો. નહીં તો આખું ગામ ઉજ્જડ થઈ જશે!"

નોકરે નવાઈ પામીને પૂછ્યું : "જહાંપનાહ, ચપટી જટલું નિમક લાવતાં આખું ગામ શી રીતે ઉજ્જડ થઈ જાય?"

નૌશેરવાન બોલ્યો : "જો રાજા જોહુકમી વાપરીને પોતાની રૈયતની વાડીમાંથી એક ફળ તોડીને ખાય, તો રાજાનું જોઈને નોકર લોકો આખું ઝાડ જ એનાં મૂળિયાંની સાથે ઉખેડીને ખાઈ જાય!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮

સેવાપરાયણતા

સ્વામી રામતીર્થ ગરીબ કુટુંબમાં જન્મ્યા હતા; તેથી તેમણે ખૂબ મુશ્કેલી વેઠીને કૉલેજ સુધીનો વિદ્યાભ્યાસ કર્યો હતો. એ વિદ્યાર્થી કાળમાં રાતે અભ્યાસ કરવા માટે દીવો કરવા સારુ તેલ જોઈએ; તેને માટે તેઓ એક-બે કપડાં ઓછાં વાપરતા અથવા એક-બે વખત ભોજન વિના ચલાવી લેતા.

સ્વામી રામતીર્થની તેજસ્વી બુદ્ધિ જોઈને લાહોર ગવર્નમેન્ટ કૉલેજના પ્રિન્સિપાલે તેમનું નામ સિવિલ સર્વિસની પરીક્ષા માટે મોકલવાનું નક્કી કર્યું.

આ વાતની જ્યારે સ્વામી રામતીર્થને ખબર પડી. ત્યારે તેઓ પ્રિન્સિપાલ પાસે જઈને નમ્રતાથી બોલ્યા: "સાહેબ, મારો પાક વેચી દેવા માટે મેં મહેનત કરી નથી, પણ તેને વહેંચી દેવા માટે મહેનત કરી છે. એક મોટા અમલદાર થવા કરતાં હું સામાન્ય શિક્ષક થવાનું વધારે પસંદ કરું છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯

નાગરિકની ફરજ

ગ્રીસ દેશમાં સૉક્રેટીસ નામે એક મહાન ફિલસૂફ થઈ ગયા. તે લોકોને સારે માર્ગે દોરવા ઉપદેશ આપતા. સૉક્રેટીસની આવી ઉપદેશભરી વાતો ઘણાને ગમતી નહીં. તેથી છેવટે એમની સામે ખોટા આરોપો મૂકીને એમને દેહાંતદંડની સજા ફરમાવવામાં આવી અને કેદમાં પૂરવામાં આવ્યા !

સૉક્રેટીસને મૃત્યુની સજા થઈ એ જાણી પ્લેટો, ક્રીટો વગેરે તેમના મિત્રો તથા શિષ્યો દુઃખી થયા. તેમાંના કેટલાક સૉક્રેટીસને કેદમાંથી છાનામાના ભગાડવાની પણ પેરવી કરવા લાગ્યા. એ માટે તેઓએ ગોઠવણ પણ કરી. પરંતુ સૉક્રેટીસ કબૂલ થાય તો ને ? તેમને સમજાવવા છેવટે તેઓએ ક્રીટોને તેમની પાસે મોકલવાનો વિચાર કર્યો.

ક્રીટો વહેલી સવારે જેલમાં દાખલ થયો. જોયું તો સૉક્રેટીસ ખાટલા પર નિરાંતે ઊંઘતા હતા ! ૪૮ કલાક પછી મરવાનું છે તે માણસ એકધારાં નસકોરાં બોલાવતો ઊંઘે છે! આ ગાઢ ઊંઘમાં ભંગ પાડવાની ક્રીટોની હિંમત નહોતી, એટલે તે બાજુ પર બેસી ગયો.

થોડી વાર પછી સૉક્રેટીસ જાગ્યો; એટલે ક્રીટોએ બધી વાત એમને સમજાવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ સૉક્રેટીસે ડોકું ધુણાવી ના પાડી અને કહ્યું: "ઍથેન્સવાસીઓએ ભલે મને અન્યાય કર્યો હોય અથવા ઍથેન્સનો કાયદો ભલે મને અન્યાય કરતો હોય. પરંતુ, બીજા અન્યાય કરે તેથી આપણે પણ અન્યાય કરવો એ વાજબી નથી. જૂઠાણાનો જવાબ જૂઠાણાથી આપવો, પાપનો સામનો પાપથી કરવો, એ કદી નીતિમય નથી, એમ મેં હંમેશ કહ્યું છે. એટલે ઍથેન્સવાસીઓએ મને અન્યાય કર્યો હોય તોપણ ચોરીછૂપીથી ભાગી જવું એ મને ન છાજે. વળી મેં આજ સુધી ઍથેન્સ રાજ્યના ધારા પાળ્યા છે. હું તે રાજ્યમાં ઊછર્યો છું, તેના નિયમ મુજબ લગ્ન કર્યું છે, તેની રક્ષા અર્થે લશ્કરમાં પણ જોડાયો છું,—આ બધું મેં નાગરિકની ફરજ સમજી સ્વેચ્છાથી કર્યું છે. હું ગમે ત્યારે આ રાજ્ય છોડી બીજા રાજ્યમાં જઈ શકચો હોત. અહીં જ વસવાનું મને કોઈએ ફરમાન નહોતું કર્યું. અહીં રહીને મેં અહીંના નાગરિક તરીકેના અધિકારો ને જવાબદારીઓ સ્વીકારી લીધાં. આજ દિવસ સુધી એનો લાભ લીધો. હવે આજે રાજ્યના લોકોને હું ગુનેગાર લાગું છું અને,—માનો કે અન્યાયી રીતે પણ,—અહીંના કાયદા મુજબ તેઓ મને સજા ફરમાવે છે. હવે જો તારી સલાહ મુજબ હું નાસી જાઉં, તો શહેરના કાયદાઓના પાયાને જ મેં ધક્કો પહોંચાડચો ન કહેવાય? ને એ રીતે રાજ્યને તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ સૌ નાગરિકોને નુકસાન પહોંચાડયું ન કહેવાય? ક્રીટો, આમ કરવું એ તો પાપની સામે પાપથી બદલો વાળવા જેવું થાય."

૨૦

ચારિત્ર્યનો મહિમા

અમેરિકા દેશમાં જ્યારે ગુલામીની પ્રથા ચાલુ હતી ત્યારની આ વાત છે.

અમેરિકાના તે વખતના પ્રમુખ એબ્રાહમ લિંકન ગુલામીની એ પ્રથાને નાબૂદ કરવા તનતોડ પ્રયત્ન કરતા હતા. એ કલ્યાણકારી કામમાં કૅપ્ટન જૉન બ્રાઉન પણ આગળ પડતો ફાળો આપતા હતા. તેમણે એ પ્રથાનો જલદી અંત આવે એ માટે એક મંડળની સ્થાપના કરી.

એ મંડળનો હેતુ સમજાવતાં કૅપ્ટન જૉન બ્રાઉને લોકોને મક્કમતાથી કહ્યું: "અમારા આ મંડળમાં કૉલેરા, પ્લેગ કે ક્ષયના દર્દીઓને ખુશીથી દાખલ કરીશું; પરંતુ ચારિત્ર્યહીન માણસોને અમારા મંડળમાં કદી સ્થાન મળશે નહીં!"

પુસ્તકાલય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ગ્રંથમાળાનાં બીજાં પુસ્તકો

૧. ગામગોષ્ઠી	લે૦ વિઠ્ઠલદાસ કોઠારી અને રાવજીભાઈ પટેલ	અપ્રાપ્ય
૨. પ્રાચીન શીલકથાઓ	લે૦ ગોપાળદાસ પટેલ	૦–૮–૦
૩. આહાર અને પોષણ ભા. ૧ (બીજી આવૃત્તિ)	લે૦ જવેરભાઈ પટેલ	૦–૧૦–૦
૪. મલેરિયા (બીજી આવૃત્તિ)	સં૦ વિઠ્ઠલદાસ કોઠારી	૦–૭–૦
૫. ઘરમાખી	લે૦ અંસીધર ગાંધી	૦–૭–૦
૬. બેડૂતનો ચોપડો	—	૧–૦–૦
૭. આહાર અને પોષણ ભા. ૨	લે૦ જવેરભાઈ પટેલ	૦–૧૨–૦
૮. ટાઇફૉઇડ	લે૦ અંસીધર ગાંધી	૦–૯–૦
૯. પાણી	લે૦ અંસીધર ગાંધી	૦–૧૪–૦
૧૦. મીઠું	લે૦ અંસીધર ગાંધી	૦–૧૨–૦
૧૧. બોધક ટીકડીઓ	લે૦ મુકુલભાઈ કલાર્થી	૦–૧૪–૦
૧૨. શીલ અને સદાચાર	લે૦ મુકુલભાઈ કલાર્થી	૦–૬–૦
૧૩. મોટાં માણસોનાં મન	લે૦ મુકુલભાઈ કલાર્થી	૦–૯–૦
૧૪. પચાસ પ્રેરક પ્રસંગો	લે૦ મુકુલભાઈ કલાર્થી	૦–૧૦–૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar